No Pages to Display

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૪૫ મું

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# રામજીભાઈ પડી ગયા!

: લેખક :

ગિજુભાઈ

અમદાવાદ ૭

૧૬૮

卐

રૂ. ૦-૫૦

આર. આર. શેઠની કું. મુંબઈ-૨.

: મુખ્ય વિક્રેતા :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

૧૯૬૦

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની,
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા,
શ્રી પ્રવીણ પ્રિન્ટરી,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

અનુક્રમ

રામજીભાઈ પડી ગયા! . . . ૩
ખરેખરો લોભિયો. . . . ૮
બીકણ વિનુ . . . . ૧૫
ભૂલા પડ્યા. . . . ૨૦
લખડો ગાંડો . . . . ૨૫
સવાર પડી હશે . . . ૩૦

કુલ નકલ ૧૧,૩૮૦

પહેલી આવૃત્તિ
ત્રણ મુદ્રણો.
૪૬૩૦ નકલો

બીજી આવૃત્તિ
ત્રણ મુદ્રણો
૫૬૦૦ નકલો

ચોથું મુદ્રણ
૧૧૫૦-નકલો
૧૫-૯-૧૯૬૦

# રામજીભાઈ પડી ગયા !

## રામજીભાઈ પડી ગયા !

"એ....ભાઈને પાડ્યા!"

"કોને પાડ્યા?"

"રામજીભાઈને."

"રામજીભાઈને?"

"હા હા, એમને."

"હોય નહિ?"

"હા હા, ખરી વાત છે!"

"રામજીભાઈ પહેલવાનને?"

"હા હા, એ પહેલવાનને જ પાડ્યા."

"કોણે પાડ્યા ?"

"કોણે ?"

"હા કોણે. કહો ને, કોણે પાડ્યા ?"

"કહું ? ગધેડે પાડ્યા."

"હોય નહિ, હોય !"

"સાચે, ગધેડે પાડ્યા."

"બને નહિ, બને !"

"અરે બન્યું છે. પછી કાંઈ ?"

"પણ રામજીભાઈને ગધેડો પાડે નહિ."

"પણ પાડ્યા. હવે છે કાંઈ ?"

"પાડી શકે નહિ. ગધેડો કેમ પાડી શકે ?"

"ભાઈ! પાડી શક્યો છે. ગધેડો પણ પાડી શકે. !"

"પણ એવું બને જ કેમ ?"

"પણ તે બન્યું છે જ."

"ત્યારે કેમ બન્યું તે કહો જોઈએ ?"

"હાં; એમ પૂછો ને ?"

" હ્યો, એમ જ. "

" આ બન્યું એમ, કે રામજીભાઈ નવા નવા શીખેલા. "

" શું શીખેલા ? "

" હાંકતાં. "

" પણ શું હાંકતાં ? "

" મોટર સાયકલ. "

" તે ? "

..." તે ભાઈએ સાયકલ ચાલુ કરી. "

" પછી ? "

" પગ દઈને ચડવા ગયા. "

" પછી ? "

" ચડીને જરા આગળ ગયા, ત્યાં.... "

" ત્યાં શું થયું ? "

" રસ્તે બે ગધેડાં ઊભેલાં. "

" તે ગધેડાં સાથે ભટકાયાં ? "

" ના, પહેલાં ટોકરી મારી. "

" પણ ? "

"પણ ન ખસ્યાં; સામે જોઈ રહ્યાં."

"એટલે મોટર ભટકાઈ !"

"એમ નહિ. પછી જોરથી ટોકરી મારી."

"એટલે ભાગી ગયાં ?"

"ના; ભાગવા તો ગયાં, પણ એક આમ ભાગ્યું ને બીજું તેમ ભાગ્યું."

"તો તો કોઈ ન ભટકાયું."

"પણ મોટર પણ આમ વળી ને...."

"ગધેડા ઉપરથી ચાલી ગઈ ?"

"ના, ગધેડું ભટકાયું ને પડ્યું."

"ને ?"

"ને મોટર ભટકાઈ ને ઊંધી વળી."

"ને ?"

"ને રામજીભાઈ ઊંધા થયા !"

"ને ?"

"ને ને શું ? મોટર ફરવા લાગી. ચંચોર બંધ ન કરે ત્યાં સુધી ફરે જ ને !"

" પછી ? "

" પછી રામજીભાઈને લાગ્યું. "

" પછી ? "

" પછી ગધેડું 'ડ્રેં ડ્રેં ડ્રેં' કરતું પોતાની મેળે ઊભું થઈને ભાગી ગયું. "

" ને રામજીભાઈ ? "

" કોઈએ ઊભા કર્યા ત્યારે ઊઠ્યા. હાથે ખૂબ લાગેલું ને પગે લોહી નીકળેલું. "

" પછી ? "

" પછી શું હોય ! ગધેડાએ રામજીભાઈને પાડ્યા ! "

# ખરેખરો લોભિયો

ખરેખરો લોભિયો. પક્કેપક્કો લોભિયો. લોભિયાનો લોભિયો.

ભાઈને ટોપરું ખાવાનો વિચાર થયો. કહે: "લાવ બજારમાં જાઉં ને ભાવ તો પૂછું ?"

" અલ્યા નાળિયેરવાળા! આ નાળિયેરનું શું લઈશ ?"

"કાકા ! બે આના."

"બે આના ? એ આપણું કામ નહિ. ચાર પૈસાનું નાળિયેર ક્યાંઈ મળે કે ?"

"કાકા! જરા આગળ જાઓ તો ગામ

બહાર વખારમાંથી મળશે."

"ચાલ ને વખાર સુધી જાઉં! એક આનો બચતો હોય તો પગ છૂટો થશે ને બધી વાત."

* * *

"અલ્યા વખારવાળા! નાળિયેરનું શું લે છે?"

"કાકા! એક આનો. આ પડ્યાં, જોઈએ એટલાં લઈ જાઓ."

"અરે, આટલે આવ્યો ને એક આનો? બે પૈસે આપ. બે પૈસે."

"કાકા! જરા આગળ જાઓ; બંદર ઉપર બે પૈસે મળશે."

"બે પૈસા વાટમાં ક્યાં પડ્યા છે? ને એટલું ચાલશું તો પગને શું થઈ જશે? લાવ ને બંદર સુધી જાઉં!"

* * *

"અલ્યા વહાણવાળા! આ નાળિયેર કેમ આપ્યાં? આ તો સારાં લાગે છે."

"કાકા! એમાં ભાવ કરવાનો તે હોય?

બબ્બે પૈસે નાળિયેર."

"અરે રામ! આટલું ચાલ્યો એ પાણીમાં ગયું? પૈસે આપીશ, પૈસે? આ લે રોકડો."

"કાકા! પૈસાનું નાળિયેર અહીં ન હોય. એ પેલા રાનમાં જાઓ. ત્યાં તમારે જોઈએ એટલાં નાળિયેર મળશે: ફદ્દિયાનું એક, ફદ્દિયાનું એક!"

"આટલા ભેગું આટલું. ચાલ ને રાનમાં જઈ જાઉં! ફદ્દિયું બચતું હોય તો ત્રણ દિવસ દૂધ આવશે. ફદ્દિયું મફત ક્યાં આવે છે?"

* * *

"અલ્યા રાનવાળા! અહોહો! કાંઈ નાળિયેરનો ઢગલો છે! શો ભાવ કર્યો નાળિયેરનો?"

"અરે કાકા! અહીં ભાવ કરવાનો હોય! પૈસાનું એક એક; લઈ લ્યો જોઈએ એટલાં. આ મોટાં રાવણમંથાં નાળિયેર પડ્યાં છે તે."

"હાય, પ્રભુ! આટલે આવીને તે પૈસો

રાન=વન રાવણમથા=રાવણનાં માથાં જેવડાં મોટાં

કોણ ભાંગે? આ તો ઊલટું મૂંડામણમાં જાય. આ રાન સુધી આવ્યો, પગ ઘસ્યા, જોડા ઘસ્યા, ને એક નાળિયેરનો એક પૈસો આપવો એ કોણે કહ્યું? ભાઈ! પૈસાબૈસાની વાત કર મા. ભલા માણસ! એક નાળિયેર તો મફત દે? ભલા, બ્રાહ્મણ છું..."

"કાકા! એ વાત કરશો નહિ. તમારે મફત જોઈતું હોય તો આ રહી નાળિયેરી. ઉપર ચડીને જોઈએ તેટલાં તોડી લ્યો. આ પૈસો તો ઉપર ચડવાનો છે. નાળિયેરની ક્યાં ખોટ છે?"

"હેં! ઉપર ચડું તો મફત નાળિયેર? જોઈએ એટલાં? ચડવા દે ત્યારે. જે થશે તે ખરી."

લોભિયાભાઈ નાળિયેરી ઉપર ચડ્યા. આટલાં બધાં નાળિયેર આ ઘડીએ ઉતારું ને આટલાં બધાં લઈ જાઉં! એક પાઈ યે દેવાની નહિ? આવું ફરી ક્યાં મળશે?"

લોભિયાભાઈ ઉપર પહોંચ્યા. લાંબો હાથ

કરીને નાળિયેર લેવા જાય ત્યાં પગ છટક્યા ને લોભિયાભાઈ લટક્યા ! આમ જાય ને તેમ જાય; ભાઈ હવામાં હીંચકા ખાય ! કરવું શું ? માર્યા !

"એ ભાઈ રાનવાળા ! એ હેઠો ઉતાર."

"બાપુ ! એ મારું કામ નહિ. તું તારે જોઈએ એટલાં નાળિયેર લે ! હું ક્યાં પાઈયે માગું છું ?"

* * *

"એ ઊંટવાળા ! આ જરાક મારા પગને સરખા કરને ? ભલા પાડ માનીશ."

"અરે બિચારો આદમી ! લાવને જરા પગ સરખાં કરું. એમાં મારું શું જાય છે ?"

ઊંટ ઉપર ઊભો થયો. લોભિયાના પગ પકડ્યા, હળવેથી ઝાડ ઉપર મૂકવા ગયો, પણ ઊંટિયો સે ઊંટિયો. એટલી ખબર ન મળે કે જરાક ખસીશ ત્યાં પેલો લટકી રહેશે !

લીલી લીલી ડાળી ને લીલાં લીલાં પાન. ઊંટિયાનું મન રહે કે ? આ લાંબી ડોક લંબા–

વીને જરાક છેટે ખસ્યો. એટલે જોઈ લ્યો ગમ્મત ! એકને બદલે બે લટક્યા ! જોઈ લ્યો એમનો દેખાવ !

હવે ? હવે શું કરવું ?

"એ ભાઈ ઘોડાવાળા ! બાપુ, જરાક દયા કરતો જા ને ? આ મારા પગને ભરાવતો જા."

"ત્યાં ક્યાં હળ હાંકવાં છે તો વાર લાગશે ? આ ઘોડા ઉપર ઊભો રહીશ ને હમણાં પગ સરખા કરી દઈશ."

પણ ઘોડો કાંઈ ઊંટમાંથી જાય કે ? લીલું ખડ કોને ન ભાવે ? આ ડોક નીચી કરી ને આ સ્વારના પગ લપસ્યા ! સ્વાર બિચારો શું કરે ? પકડ ઊંટસ્વારનાં પગ ! જોઈ લ્યો તમાસો ! એકને બદલે ત્રણ લટક્યા !

ઘોડાવાળો કહે : "એ ભાઈ, પહેલાભાઈ ! જોજે, નાળિયેર છોડીશ મા. હમણાં કોઈક નીકળશે. બરાબર પકડી રાખજે હો ! રૂપિયા સો આપીશ."

ઊંટવાળો કહે : "એ ભાઇ, પહેલાભાઈ !

જોજે નાળિયેરી મૂકી દેતો ! બરાબર પકડી રાખજે. રૂપિયા બસો આપીશ.”

“બસો ને એક ત્રણસો રૂપિયા ? અધધધ ! આટલા બધા ?” આટલું બોલ્યો ત્યાં લોભિયાના હાથ પહોળા થયા ને નાળીયેરીએથી છૂટી ગયા; ત્રણે જણા હેઠે !

લોભિયાભાઈનું શું થયું ? સો યે વરસ પૂરાં કે ?

# બીકણુ વિનુ

વિનુભાઈ પહેલેથી બીકણુ. અંધારામાં જતાં બીએ; ઘર બહાર જતાં બીએ, ને દિવસે બીએ તે રાતે તો બીએ જ ના ?

બાપા વાંસા ઉપર હાથ ફેરવે ત્યારે વિનુ-ભાઈને ઊંઘ આવે. કોઈક સાથે આવે ત્યારે વિનુભાઈ દિશાએ જાય. કહેશે : "એકલો જાઉં તો બાવો લઈ જાય." બા રસોડામાં સાથે આવે તો વિનુભાઈ ખાવા જાય.

પણુ વિનુભાઈ બીકણુ હોય એમાં નવાઈ શી ? બહાદુર હોત તો નવાઈ ગણાત.

વિનુભાઈના ઘરનાં બધાં બીકણુ. મણિ-બેન તો શિયાળ બોલે ત્યાં ઘરમાં બેઠાં બેઠાં બીએ. રાધામાશી તો ઉંદર નીકળે ત્યાં રાડ નાખે. ચંપાફઈની તો વાત જ શી કરવી ? ફળિયામાં પીંપળાનાં પાન હલે તો ઘરમાં સૂતાં સૂતાં બીએ. બાપા પણુ જરા બીકણુ તો ખરા ! રાતે બહાર નીકળવું હોય તો બત્તી લે, ધોકો ઉપાડે ને પછી ખોંખારા મારતા મારતા બહાર

નીકળે. "એલા કોઈ જાગે છે કે ?" એમ બોલી સૌને જગાડે.

વિનુભાઈને નાનપણથી જ બીવડાવેલા: "સૂઈ જા નહિતર બૂટડું આવી ખાઈ જશે." "જોજે; કજિયો કરીશ તો તારો કાકો વાઘ આવીને ફાડી ખાશે." "જોજે; અલ્યા પીંપળા હેઠળ રાતવરત જઈશ મા. ત્યાં તો ચળોતર થાય છે." "એલા નદીએ નાવા નથી જવું; ત્યાં તો શિવનો વર ભૂત થયો છે, તે પગ ખેંચીને માણસને બુડાડી દે છે."

વિનુભાઈએ બીકની વાતો યે સાંભળેલી: ભૂતબૂતની વાતો ય સાંભળેલી; સરમાં આવે એની ય વાત સાંભળેલી; પેલી બાપદાદાવારીની બકરાના પગ લાંબા થયા ને ભડકો થઈને ઊડી ગયાની વાત પણ સાંભળેલી ! પછી વિનુભાઈ બીએ એમાં નવાઈ શી ?

વિનુભાઈ તો મોટા થયા; બાર વરસના થયા; પાંચ ચોપડી ભણ્યા પણ ખરા. પણ બીકણ તો એવા ને એવા જ રહ્યા.

---

રાતવરત=રાત્રિ દરમિયાન; રાતમાં.

પણ એક વાર એવું બન્યું કે વિનુભાઈ તે દિવસથી બીકણમાંથી બહાદુર બન્યા.

રાતે બધાં વાળુ કરવા બેઠાં. આઠ જ વાગેલા. થૂલી રાંધેલી, ને ઘરમાં ગોળ ન મળે.

બાપા: "એલા વિનુ! ઊઠ, જા જોઈએ; દોડતો દોડતો કેશવાની દુકાનેથી ગોળ લઈ આવ જોઉં?"

વિનુભાઈ બીકણ તો ખરાં, પણ આઠ વાગ્યા હતા એટલે શું કહે? ? કચવાતે મને ગયા તો ખરા.

કેશવાની દુકાનેથી ગોળ લીધો ને પાછા ફર્યા. "પણ અરે, આ શું હશે! કંઈક લાગે છે; કંઈક કાળું કાળું છે. માણસ જેવું દેખાય છે. ત્યાં કોણ બેઠું હશે? આ તો હલતું યે નથી ને ચલતું યે નથી. ભૂત તો નહિ હોય? ડાકણ તો નહિ હોય?"

વિનુભાઈ તો ગભરાયા. છાતી ધડક ધડક થાય ને પરસેવે રેબઝેબ! "હવે કરવું શું? આમ જોઉં તો મેતાનો ડેલો ને મોતી ડોશીનો પીંપળો, ત્યાં તો ભૂત થાય જ છે. આમ તો

જવાય જ કેમ ? કોઈ કાળું કાળું બેઠું છે ને ?"

વિનુભાઈ તો ત્યાં ને ત્યાં જ ખીલો થઈ ગયા : ન હલે ન ચલે, ન બોલે કે નં ચાલે ! રાડ પણ કેમ પડાય ? રાડ સાંભળે ને ઊલટું વંડી પાસેથી આવીને વળગી પડે તો ? તમાચો લગાવી દે તો ? વળી ભોંગજોગે ત્યાંથી કોઈ નીકળ્યું ય નહિ. માણસનું જણ્યું તો ઠીક. પણ ગધેડુંબધેડું ય ન ફરક્યું !

ઘોર અંધારી રાત. વિનુભાઈ એકલા. વંડી પાસે કંઈક દેખાય. હવે ક્યાં જવું ?

ઘેર બધાં વાટ જુએ છે: " વિનું કેમ ન આવ્યો ? ક્યાંઈ રમવા ચડી ગયો કે બીજી શેરીમાં ઊપડી ગયો ?"

બાપા ફિકર કરવા લાગ્યા. બાપા કહે : " એલા હરિલાલ ! જા, જો તો ખરો, આ વિનુ ક્યાં રોકાયો ?"

હરિલાલ કહે : " હું ન જઉં; મને બીક લાગે ઘોર અંધારી રાત છે."

બાપાએ હાથમાં ફાનસ લીધું, લાકડી

લીધી, ખોંખારો માર્યો ને ઊપડ્યા.

"અલ્યા વિનુ? એ વિનુ?"

"એ બાપા, એ બાપા!" વિનુનો સાદ ફાટી ગયો. દોડીને બાપાને બાઝી પડ્યો.

બાપા કહે: "પણ છે શું? ક્યાં રોકાયો હતો? વાર કેમ લાગી?"

"બાપા, બાપા! પેલું શું છે? કંઈક ભૂત જેવું લાગે છે."

બાપાએ બત્તી ઊંચી કરી, ને ભીંત તરફ જોયું. ભીંતે ગાર ઊખડી ગયેલી તેથી ગાબડું થયેલું. અંધારામાં એ બિહામણું લાગતું હતું.

બાપા કહે: "એલા વિનુ!"

વિનુ કહે: "બાપા! આ તો મેં દિવસે જોયું હતું. ઓયવોય? આ તો હું અમસ્તો બીધો!"

વિનુ તે દિવસથી બીતો મટી ગયો. કોઈ બીજાએ તો વિનુ પોતે જ ખોટોખોટો કેમ બીતો હતો તેની વાત કહે.

## ભૂલા પડ્યા.

હું ને મારા મોટાભાઈ સખવદર જતાં હતા; મોટાભાઈ સત્તર વર્ષના અને હું બાર વર્ષનો. સખવદર અમારું મોસાળ; રામપરથી ત્રણ જ ગાઉ.

બા કહે : " બપોર પછી નીકળજો એટલે સાંજે સખવદર પહોંચશો. બે દિવસ મામાએ તમને કેરી ખાવા બોલાવ્યા છે. "

અમે તો નીકળ્યા. મોટાભાઈએ રસ્તો તો જોયેલો. ગાઉ ભોં ગયા ત્યાં ખેતરમાં હર-ણિયાં દેખ્યાં.

" મોટાભાઈ ! ચાલો હરણ ભગાડીએ. "

હું ને મોટાભાઈ હરણિયાં પાછળ દોડ્યા. મોઢા આગળ હરણિયાં ને પાછળ અમે. ક્યાંના

ક્યાં નીકળી ગયા! પણ હરણિયાં કાંઈ એમ હાથ આવે?

મોટાભાઈ કહે: "એલા વિન્નુ! ચાલ હવે મારગે ચડીએ."

પણ મારગ ક્યાં? અમે તો આમ જઈએ ને તેમ જઈએ, પણ ક્યાંયે સડક આવે ત્યારે ને? દૂર એક કેડીએ ગયા ને એક માણસને પૂછ્યું. "ભાઈ! સખવદરનો મારગ ક્યાં?"

તે કહે: "અહીં ક્યાં આવ્યા? સખવદર તો આમ રહ્યું ઊગમણું. આ તો મેલાણાની કેડી છે."

અમે તો ઉગમણા ચાલ્યા. સાંજ પડવા આવી હતી. ઘણું ચાલ્યા પણ કેડી કે મારગ આવે ત્યારે ને? વળી એક કણબી જતો હતો. એને પૂછ્યું: "એ ભાભા! સખવદરનો મારગ બતાવશો?"

" નાકપધોર ચાલ્યા જાઓ. પણે બાવળ આવે છે ત્યાં ત્રણ મારગ ફંટાય છે, એમાં

---

કેડી=પગરસ્તો; પગથી નાકપધોર=નાકની સામે સીધા.

એક સખવદરનો છે. ”

નાકપધોર ક્યાં જવું ? તો ય અમે તો ચાલ્યા. અંધારું થઈ ગયેલું. પણ મોટાભાઈ મૂંઝાયા નહિ. મને કહે : “ હમણાં પહોંચી જઈશું. ”

મોટાભાઈ મોઢા આગળ ને હું પાછળ. અમે તો ઘડીક આમ જઈએ ને ઘડીક આમ જઈએ. કાં તો કાંટામાં ભરાઈએ ને કાં તો જાળામાં પડીએ. ઘડીકમાં ટેકરા ઉપર ચડી જઈએ ને ઘડીકમાં ખાડામાં ઊતરીએ. અંધારું ઘોર; જમીન પણ પૂરી દેખાય નહિ. મોટાભાઈ મૂંગા મૂંગા ચાલ્યા કરે. કોણ જાણે મનમાં શો વિચાર કરતા હશે !

મેં કહ્યું : “ મોટાભાઈ ! હવે શું થશે ? ”

શિયાળ બોલ્યું. મારી છાતી તો ધડક ધડક થાય. મોટાભાઈ એક ઝાંખરા સાથે ભટકાયા ને એમાંથી એક સસલું ભાગ્યું. મારાથી વોયવોય થઈ ગયું !

ઊંચે આકાશ ને નીચે ધરતી. હું તો

મનમાં મનમાં રામ રામ બોલું. "હે ભગવાન! મારગ બતાવજે."

મેં કહ્યું : "મોટાભાઈ! મારાથી હવે નહિ ચલાય. હું તો ભૂખ્યો થયો છું."

મોટાભાઈ શું બોલે? ખોટું ખોટું મને કહે : "એ પણે સખવદર દેખાય; જો."

મોટાભાઈના પગમાં ય અંધારામાં એક જાળાનું ઠૂંઠું લાગ્યું. લોહી પણ નીકળ્યું.

મેં કહ્યું : "મોટાભાઈ! વાઘ આવશે તો?"

મોટાભાઈ કહે : "આ સીમમાં વાઘે ય નથી ને દીપડો યે નથી."

૨ દૂર એક દીવો દેખાયો, ને મોટાભાઈના પગમાં જોર આવ્યું. એ તો ઝટઝટ ચાલવા માંડ્યા.

મેં કહ્યું : "મોટાભાઈ! જરા ધીમે ચાલો; મારાથી નથી ચલાતું."

"પણે દીવો છે, ત્યાં ઝટ પહોંચા જઈએ તો ઠીક."

એક ઝૂંપડી હતી. તેમાં ભાભો રહે :

ખેતર સાચવે. "એલા છોકરાઓ ! અડધી રાતે અહીં ક્યાંથી ? મારગ ભૂલ્યા, મારગ ! ક્યાં જવું છે ?"

"ભાભા ! સખવદર જવું છે."

"અરે ભલા માણસ ! સખવદર તો ત્રણ ગાઉ ઉપર રહ્યું."

અમે ભાભાને બધી વાત કરી.

ભાભા કહે : "લ્યો, હવે રાત અહીં રહી જાઓ. બીજું તો તમને નહિ ખપે, પણ આ આપણા ખેતરનાં શકરિયાં બાફીને ખાઓ."

અમે તો ગાજર ને શકરિયાં ખાધાં ને રાતવાસો ત્યાં સૂઈ રહ્યા.

સવારે ભાભા અમને સખવદર સુધી મૂકવા આવ્યા.

# લખડો ગાંડો

છોકરાં બધાં વાંસે વાંસે ફરે. એક મોટી ધીંધ. લખડો આ શેરીમાં જાય તો છોકરાં એ શેરીમાં જાય, ને લખડો બીજી શેરીમાં જાય તો સૌ તેમાં જાય.

"લખડો ગાં....ડો! લખડો ગાં....ડો!" કરીને બધાં લખડાને ખીજવે.

લખડો શું કામ ખીજાય? એ તો એની મેળે જવું હોય ત્યાં જાય ને આવવું હોય ત્યાં આવે.

લખડાનો વેશ ચીંથરિયો. ચીંથરાં ચીંથરાં બાંધીને મોટો ઝભ્ભો કરેલો; એ લખડો પહેરે. એને જોઈને ગામનાં કૂતરાં યે ભસે. નાનાં છોકરાં તો એને જોઈને ઘરમાં સંતાઈ જાય. "ઓય બાપ રે! લખડો આવ્યો."

રસ્તામાં જે પડ્યું હોય તે લખડો ઉપાડે.

ધીંધ=ટોળી

કોડી, બંગડી, કૂંચી, ભાંગેલું તાળું, સડી ગયેલું બુતાન, તૂટી ગયેલા કાચના હીરા, નાખી દીધેલાં ડબલાં: જે હાથ આવે તે લખડો ઉપાડે! ને પછી એક દોરીમાં બધાંને બાંધીને મોટો હાર કરીને પહેરે.

ગામ બધું એમ લખાડા ગાંડાને નામે ઓળખે. ગાંડા જેવો જ ખરો ને? બોલે તે ય ગાંડા જેવું, ચાલે તે ય ગાંડા જેવું; એનું બધું ગાંડું ગાંડું.

છોકરાં કાંકરા મારે તો લખડો કાંકરા લઈને ચીંદરીએ બાંધે. છોકરાં કહેશે: "લખડો વાં...દરો!" "લખડી વાં...દરી!" તો લખડો સામે હસે. છોકરાં કહે: "લખડા કૂદકા માર જોઈએ?" તો લખડો કૂદકા મારે. કહે: "રોવા માંડ જોઈએ?" તો લખડો રોવા માંડે.

લખડાને ઘરે નહિ ને બારે નહિ. જ્યાં ઊભા ત્યાં એનું ઘર, ને જ્યાં ઊભા ત્યાં એનું બાર. ઠામઠીકરું તો હોય જ શાનું કે લખડાને સાચવવું પડે? પંડ સાથે બધું આવ્યું.

ચીંદરી=ચી થરું

ભૂખ લાગે તો લખડો કોઈને ત્યાં જઈને ઊભો રહે ને કહે: "ખાવા દેશો?" આપે તો ઠીક નહિ તો બીજે ઘેર. પાંચસાત ઘર ફરે, મળે એટલું ખાય, નહિતર ભૂખ્યો તો રહે જ. લખડાને વાસણમાં કોણ ખાવા આપે? લખડો કહેશે: "મારા હાથમાં આપો. હું એમ ને એમ ખાઈ જાઉં." દાળ હાથમાં લે, ભાતે ય હાથમાં લે ને રોટલા ય હાથમાં જ લે.

વરસાદ આવે તો લખડો ક્યાંઈક ભીંત વાસે ઊભો રહે. શિયાળામાં ટાઢ વાય એટલે લખડો કૂતરાની ભાઈબંધી કરે. ગલૂડિયાંને ને કૂતરાંને પાસે સુવરાવે. કૂતરાં પણ એને બહુ હળેલાં. લખડો માગી આણેલ રોટલામાંથી અડધો કૂતરાંને આપે ને અડધો પોતે ખાય.

કોઈ કહેશે: "આવો ગાંડો તો કેવો!" ગાળો દઈએ તો કહેશે: "ભગવાન તમારું ભલું કરશે." પણ બળતા હોય ને જોડા આપીએ તો કહેશે: "કોઈ ગરીબને આપજો. મારા તો પગ જ જોડા છે."

લખડો ચાલ્યો જતો હોય ને કોઈક ત્રીજે

માળથી એઠું ફેંકે ને લખડા પર પડે તો લખડો કહેશે: "આવું તો કોઈ દિવસ નહોતું થયું."

પુરુષો તો બધા કામમાં હોય. એ લખડાની સામે ય ક્યાંથી જુએ? ઘર આગળ લખડો બેઠો હોય ને પોતે ઘેર આવે તો કહેશે: "હટ લખડા! અહીં કેમ બેઠો છે?" અમલદાર આવે તો પટાવાળાને કહેશે: "આ લખડાને કાઢો અહીંથી. આંટા મારે છે તે માળો ચોર જેવો લાગે છે." લખડો કહ્યા પહેલાં જ ઊભો થઈને ચાલ્યો જાય.

નવરાં બૈરાંઓ લખડાને બોલાવે અને પછપૂછ કર્યા કરે. "લખડા! તું વાણિયો કે બ્રાહ્મણ?"

લખડો કહેશે: "આપણે તો એકે ય જાત નહિ. હું તો માણસ છું."

"લખડા! અલ્યા તું જેનું તેનું ખાય છે તે વટલાય નહિ?"

"રોટલા તો બધાંના સરખા જ છે ને? એમાં વટલાવું'તું શું?"

"એલા લખડા! આ વઘારણી ખાંડી દે. બે પૈસા આપીશ."

લખડો કહેશે: "લાવો ને બાપુ! પૈસાનું શું કામ છે? એમ ને એમ ખાંડી આપતાં ક્યાં દુ:ખ પડે છે? પૈસા પાછો સાચવું ક્યાં? એ પૈસા તમારે ઘેર સારા."

લખડો દિવસ આખો આંટા માર્યા કરે. કોઈ ગાય પૂંછડે પડી હોય તો એને ઊભી કરે; કોઈક બકરીને વાણિયો મારે તો લખડો હાથથી પંપાળીને એને રમાડે. કોઈ ચકલીનું બચ્ચું માળામાંથી હેઠે પડી જાય તો પાંજરાપોળમાં મૂકી આવે."

લખડો એવું એવું કરે. દિવસ આખો ચાલ્યો જાય. રાત પડે. લખડો ગામ બહાર ચાલ્યો જાય. દૂર દૂર નદીકાંઠે એક ભોંયરા જેવો ખાડો; એમાં જઈને લખડો બેસે. તંબૂરો લે, ભજન કરે ને ભગવાન ભજે.

ખરેખર, લખડો શું ગાંડો હશે?

## સવાર પડી હશે.

સવાર પડી હશે, ને બ્રાહ્મણ ઊઠ્યો હશે. ઊઠીકરીને દાતણપાણી કર્યા હશે. નાહી ધોઈને સંધ્યા કરવા બેઠા હશે.

ત્યાં ઘરમાંથી બ્રાહ્મણીએ લોટે જવાનું કહ્યું હશે. બ્રાહ્મણે તાંબડી હાથમાં લીધી હશે; માથે પાઘડી ને ખભે ધોતિયું નાખ્યું હશે ને ઘેરઘેર લોટ માગવા નીકળ્યો હશે.

કણબીને ત્યાં ગયો હશે. "દયા પ્રભુની!" કહીને ઊભો રહ્યો હશે. કણબણે કહ્યું હશે: હાથ એંઠા છે."

બ્રાહ્મણ બીજે ઘેર ગયો હશે. "નારાયણ હરિ!" કહ્યું હશે. ઘરમાંથી પટલાણી આવ્યાં

---

લોટે જવું=લોટ (ભીખ) માગવા જવું.

હશે ને બ્રાહ્મણને ચપટી લોટ આપ્યો હશે.

બ્રાહ્મણ ત્યાંથી ત્રીજે ઘેર અને ત્રીજે ઘેરથી ચોથે ઘેર ગયો હશે. એમ કરતાં લોટની તાંબડી ભરાઈ ગઈ હશે.

ધોમ ધખ્યો હશે: બ્રાહ્મણે પગલાં ઘર-ભણી કર્યાં હશે. બ્રાહ્મણી રાહ જોતી હશે.

થાક્યોપાક્યો બ્રાહ્મણ ઘેર આવ્યો હશે. બ્રાહ્મણીએ હાથમાંથી તાંબડી લઈ લીધી હશે; લોટ કાઢીને માટલીમાં નાખ્યો હશે. બ્રાહ્મણ હાથપગ ધોઈને ખાવાની-તયારી કરતો હશે.

બ્રાહ્મણીએ પાટલો નાખી દીધો હશે. બ્રાહ્મણ પલાંઠી વાળી જમવા બેઠો હશે. બ્રાહ્મણીએ રોટલા અને કળથીનું શાક પીરસ્યું હશે; પાસે કેરડાનું અથાણું મૂક્યું હશે, ને પાણીનો કળશો ભરી દીધો હશે.

બ્રાહ્મણને ભૂખ લાગી હશે. બ્રાહ્મણ રોટલા ને શાક ખાવા માંડ્યો હશે; બ્રાહ્મણી હેત કરીને પીરસતી હશે. પછી બ્રાહ્મણ જમી રહ્યો હશે.

---

ધોમ=સખત તડકો ધખવું=ખૂબ ગરમ થવું

જમીને બ્રાહ્મણે હાથમોં ધોયાં હશે, ને કોગળા કર્યા હશે; પછી સોપારી ખાધી હશે ને ખાટલા પર આડે પડખે થયો હશે.

એટલામાં ભટાણીએ જમી લીધું હશે. અબોટ એંઠવાડ કરી લીધાં હશે, ને પોતે પણ આડે પડખે થયાં હશે.

પછી બ્રાહ્મણ ઊઠ્યો હશે. પછી કંઈક કર્યું હશે, પછી કંઈક કર્યું હશે, પછી કંઈક કર્યું હશે.

પછી રાતે સૂતો હશે.

સવાર પડી હશે. પછી પાછો ઊઠ્યો હશે. ઊઠીકરીને દાતણપાણી કર્યાં હશે. પછી પાછું રોજની જેમ કર્યું હશે.